### દાહોદમાં તહેવારો પહેલાં ફૂડ સેફ્ટી વિભાગની લાલ આંખ

## અખાદ્ય ખોરાકનો નાશ કરીને ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો



(પ્રતિનિધિ) દાહોદ તા.21
આગામી તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને દાહોદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સઘન ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. કલેક્ટર સુરભી ગૌતમના માર્ગદર્શન હેઠળ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી તહેવારો દરમિયાન લોકોને શુદ્ધ અને સાત્વિક ખોરાક મળી રહે. પ્રાંત અધિકારી મિલિન્દ દવે અને ફૂડ વિભાગની ટીમે દાહોદ શહેરની લગભગ 10 જેટલી જાણીતી રેસ્ટોરન્ટો, હોટલો તેમજ મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં આકસ્મિક દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન સ્થળ પર સ્વચ્છતાનો અભાવ, ગંદકી અને ખાદ્ય સામગ્રીની જાળવણીમાં ભારે બેદરકારી જોવા મળી હતી, જેના પગલે તંત્ર દ્વારા સંચાલકોને સ્થળ પર જ મૌખિક અને લેખિત નોટિસો ફટકારવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન મળી આવેલો વાસી, ગુણવત્તા વગરનો અને આરોગ્ય માટે હાનિકારક એવો અખાદ્ય ખોરાક તાત્કાલિક ધોરણે નાશ કરવામાં આવ્યો હતો. આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન કરનાર અને સ્વચ્છતા ન જાળવનાર વેપારીઓ સામે લાલ આંખ કરીને તંત્ર દ્વારા સ્થળ પર જ ૧૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. દાહોદ નગરપાલિકાના ફૂડ અધિકારી પિંકલ નગરાલાવાલાએ જણાવ્યું હતું કે નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારના ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં. તહેવારોના સમયમાં લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા અગ્રતા છે, તેથી આ પ્રકારની દરોડાની કાર્યવાહી આગામી દિવસોમાં પણ શહેરમાં સતત અને સઘન રીતે ચાલુ રહેશે.

### ૨૬ ઓગસ્ટે નીકળશે ભવ્ય જુલૂસ

## હાલોલમાં ઈદ-એ-મિલાદની ઉજવણીને લઈ ઉત્સાહ

હાલોલ : ઈસ્લામ ધર્મના મહાન પેગંબર હજરત મોહમ્મદ સાહેબના જન્મદિન (યૌમે વિલાદત) એટલે કે 'ઈદ-એ-મિલાદ' પર્વની ઉજવણીને



લઈને હાલોલ શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સમગ્ર વિશ્વની સાથે હાલોલમાં પણ આ પવિત્ર તહેવાર ઉત્સાહ અને શ્રદ્ધાભેર ઉજવવામાં આવશે. ઉજવણીના ભાગરૂપે છેલ્લા કેટલાક દિવસોથી હાલોલ શહેરના વિવિધ વિસ્તારો તેમજ મસ્જિદોને મનોહર રોશનીથી શણગારવામાં આવી છે.આ પર્વના અનુસંધાને શહેરની વિવિધ મસ્જિદોમાં જિક્ર-એ-શરીફ અને મિલાદ-એ-શરીફના રોશનીસભર ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.જ્યારે આગામી 26 ઓગસ્ટ, બુધવારના રોજ બપોરે 3:00 કલાકે 'લીમડી ફળિયા અમીરે મિલ્લત ચોક' ખાતેથી એક ભવ્ય જુલૂસ નીકળશે. આ જુલૂસ નગરના વિવિધ વિસ્તારોમાં ફરીને પરત લીમડી ફળિયા ખાતે આવીને સંપન્ન થશે.

### ઘોડા છુટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાયો !

## ખાનગીશાળા કૌભાંડ, પ્રાદેશિક કમિશ્નરના ફતેપુરા ખાતે ધામા

શાળામાંથી ૨૦૨૪-૨૫ની સાધન સામગ્રી જપ્ત કરવામાં આવી



( પ્રતિનિધિ ) સુખસર,તા.21
ફતે પુ રામાં સરકારી શૈક્ષણિક સામ ગ્રી નો ખાનગી શાળામાં ઉપયોગ મામલે ગઈકાલે ઘટસ્ફોટ થયો છે. જેના પગલે ટીપીઓની ટીમ દ્વારા ટચ ધ લાઈટ ખાનગી શાળામાં તપાસ દરમ્યાન સરકારી શૈક્ષણિક સામગ્રી મળી આવતાં ગઈ કાલે ખાનગી શાળાને સીલ કર વામાં આવી હતી. તમામ સરકારી સાધન.સામગ્રીઓ જપ્ત કરવામાં આવી હતી.જે મામલે હવે રાજ્ય સરકાર દ્વારા આ મામલે ગંભીરતા દાખવી ગુજરાત રાજ્યના પ્રા દેશીક કમિશ્નર તપાસ અર્થે દાહોદ દોડી આવ્યાં હતાં.સરકારી શૈક્ષણિક સાહિત્યના કોંભાંડ મામલે હ વે પ્રાદેશિક કમીશ્નર કચેરી તેમ જ જિલ્લા પ્રાથમીક શિક્ષણ તેમ જ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વા રા પેરલલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.ખાનગી શાળામાં સરકારી સાહિત્યના કૌંભાંડમાં હવે ખુદ સરકારી શાળામાં ભણાવતાં શિક્ષકો સામે તપાસ ઉભી થઈ ગઈ છે . જેમાં અલગ-અલગ શાળામાં ભણાવતાં શિક્ષકો દ્વારા આ ટચ ધ લાઈટ દ્વારા ખાનગી શાળા શરૂ કરી સરકારી શૈક્ષણિક સામગ્રીનો ગેરકાયદેસર રીતે પોતાની ખાનગી શાળામાં ઉપયોગ કરી રહ્યાં હતાં. હવે પ્ર શ્ન એ ઉભો થાય છે કે,ઉપરોક્ત ખાનગી શાળામાંથી જપ્ત કરાયેલો શૈક્ષણિક સામગ્રીનો જથ્થો કંઈ સ્કુલમાંથી આ ખાનગી શાળામાં મોકલવામાં આવ્યો હતો? સામા ન્ય રીતે કોઈપણ સરકારી શાળા કચેરીમાં સાધન સામગ્રી આવતી હોય છે ત્યારે તેની આવક જાવકનો અથવા મેન્ટન કરવા પડે છે. તેના માટે પણ જત કચેરીના કમ ચા રીની જવાબદારી નક્કી કરવામાં આવે છે.તો આ સરકારી સામ ગ્રીના હરફર અને કોભાંડમાં આ રજીસ્ટાર શિક્ષકો સિવાય અન્ય કેટલા લોકોની સંડોવણી છે? તે અંગે હવે ઉચ્ચ કક્ષાએથી તેમ જ સ્થાનીક લેવલેથી તપાસનો ધમધ મા ટ શરૂ થઈ ગયો છે. આક્ષેપ એ પણ છે કે, છેલ્લા ૩-૪ વર્ષથી આ પ્રકારની પ્રવૃતિ ચાલી રહી હતી.અને રજુઆતો પણ કર વામાં આવી હતી.પરંતુ ક્યાં કારણોસર રજુઆતોને ગંભીરતાથી ન લેવામાં આવી?તેવા પણ પ્રશ્નો હવે ચર્ચાને એરણે ઊઠ્યાં છે.આ મામલે વિદ્યાથી નેતાની રજૂઆતો બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.અને હવે પ્રાદેશિક કમિશ્નર અને સ્થાનીક લેવલેથી તપાસ શરૂ કરવામાં આવી છે.આતો ફક્ત એક શાળાનો વિષય છે.આવું કૌંભાંડ અન્ય કેટલી જગ્યાએ ચાલી રહ્યું હશે?તે પ્રશ્ન જન માસનમાં ઉઠવા પામ્યો છે. શૈક્ષણિક સામગ્રીનો કોંભાંડ સામે આવ્યો છે ત્યારે તપાસ શરૂ કરવામાં આવી છે ત્યારે ઘોડા છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવી ઉક્તિ અહીંયા સાર્થક થઈ રહી છે.તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. હવે આ સમગ્ર શૈક્ષણિક સામગ્રીના કૌભાંડમાં કેટલાં લોકોની મીલીભગત છે? તે હવે તપાસ બાદ સાર્વજનિક થાય તોજ ખબર પડશે.નહીંતર ભુતકાળમાં પણ આવા પ્રકારની ગેરરીતીઓ ઘણીખરી શાળાઓ તેમજ અન્ય વિભાગોમાં પણ સામે આવી છે.જેમાં તપાસો પણ કરવામાં આવી પરંતુ તે તપાસોમાં પણ શું બહાર આવ્યું?તેનું સ્પષ્ટીકરણ તેમજ અહેવાલ અત્યાર સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી.ત્યારે હવે આ શૈક્ષણિક સામગ્રીનો કૌભાંડ કરનાર ભ્રષ્ટાચારીઓ ખુલ્લા પડશે કે પછી સમય જતાં આ તપાસ ઠંડા રસ્તામાં મુકાઈ જશે?તે હવે જોવું રહ્યું.

## દાહોદ અર્બન હોસ્પિટલ પાછળ દિપડો દેખાતા ભયનો માહોલ

દાહોદ: દાહોદ શહેરને અડીને આવેલા ળીયાતી ગામ વિસ્તારમાં રાત્રિના સમયે દીપડો દેખાતાં સમગ્ર પંથકમાં ભારે અફરા તફરી અને ભયનો માહોલ સર્જાયો છે. ખાસ કરીને અર્બન હોસ્પિટલના પાછળના ભાગે આવેલા ખેતરો તથા રહેણાંક ઘરોની બાસપાસ દીપડો નજરે પડતાં સ્થાનિક રહીશોમાં ફાળ પડી હતી. દીપડો દેખાયાની જાણ થતાં જ વન વિભાગની ટીમ અને રેસ્ક્યુ રીમને તાત્કાલિક સ્થળ પર બોલાવવામાં આવી હતી. વન વિભાગની ટીમે મોડી રાત્રે જ ખેતરો અને ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

### દરેક વૃક્ષની સંભાળ રાખવી એ આપણી સાચી જવાબદારી છે- રાજ્યમંત્રી

## સંજેલી તાલુકાની માંડલી આદિવાસી હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી

( પ્રતિનિધિ ) દાહોદ,તા.21
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના માંડલી આદિવાસી હાઈસ્કૂલ ખાતે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારના આયોજન હેઠળ તથા રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષસ્થાને ૭૭મા વન મહોત્સવ-૨૦૨૬ની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

પરંપરાગત ઢોલ-નગારાં અને શરણાઈના નાદ સાથે કંકુ-ચોખાના વધામણાથી રાજ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાહોદ વન સંરક્ષક બ્રિજેશ ચૌધરીએ શાબ્દિક સ્વાગત કરી વૃક્ષોનું માનવજીવન અને પર્યાવરણમાં રહેલું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વૃક્ષારોપણને માત્ર એક દિવસ પૂરતી પ્રવૃત્તિ ન રાખી, વાવેલા વૃક્ષોના જતન અને સંવર્ધન માટે સૌને સંકલ્પબદ્ધ થવા અપીલ કરી હતી. રાજ્યમંત્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, "વૃક્ષો માત્ર આપણી ધરતીની સુંદરતા નથી, પરંતુ આપણા જીવનનો આધાર છે. વૃક્ષો આપણને પ્રાણવાયુ આપે છે, પર્યાવરણનું સંતુલન જાળવે છે, વરસાદી ચક્રને સુવ્યવસ્થિત રાખે છે.

## પંચમહાલ જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકાશે

ગોધરા : રાજ્યમાં બાગાયતી ખેતીનો વ્યાપ વધે તેમજ વધુને વધુ ખેડૂતો સુધી સરકારની વખતોવખતની યોજનાઓ અને સહાયની માહિતી પહોંચે અને તેઓ તેનો લાભ લઈ શકે તે માટે બાગાયત ખાતું અવિરત કાર્યરત છે. જે અન્વયે પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન બાગાયત ખાતા હસ્તકની વિવિધ યોજનાઓના ઘટકો માટે ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકે તે હેતુથી આઈ ખેડૂત (i-Khedut) પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવનાર છે તેમ નાયબ બાગાયત નિયામક, પંચમહાલ દ્વારા જણાવાયું છે. આ યોજનાઓ અંતર્ગત સામાન્ય જાતિના ખેડૂતો માટે કમલમ્ ફળ (ડ્રેગનફ્રૂટ) ના વાવેતર સહાય કોમ્પ્રીહેન્સિવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ તેમજ આંબા અને લીંબુ જેવા ફળપાકોના જૂના બગીચાઓના નવસર્જન માટેની યોજનાઓ હેઠળ તા. ૨૦/૦૮/૨૦૨૬ થી તા. ૨૬/૦૮/૨૦૨૬ સુધી અરજીઓ કરી શકાશે.

## દાહોદમાં 'ઝેરી સાપની સચોટ ઓળખ' પર વેબિનાર યોજાયો

( પ્રતિનિધિ ) દાહોદ,તા.21
દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ) ના પ્રાણીશાસ્ત્ર વિભાગ અને LBALAB એસોસિએશનના MoU અંતર્ગત તાજેતરમાં 'Serpentine Science: Advanced Insights into Venomous Snakes' વિષય પર ઓનલાઈન વેબિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા શ્રી ઘાંચી મોહમ્મદફૈઝલ મોહમ્મદઈકબાલે માત્ર 'ઝેરી સાપ' ના વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે



આપણા વિસ્તારમાં જોવા મળતા મુખ્ય ઝેરી સાપની ચોક્કસ ઓળખ, તેમના ઝેરની અસરો, સર્પદંશ વખતે લેવાતી તાત્કાલિક તબીબી સારવાર અને ઝેરી સાપ અંગે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓને વૈજ્ઞાનિક તથ્યો સાથે વિદ્યાર્થીઓને સમજાવી હતી.

### ઉદલપુર તરફથી કપચી ભરીને આવી રહ્યાં હતાં

## મધવાસ પાસેથી કપચી ભરી જતા બે હાઈવા મામલતદારે ઝડપી પાડ્યા

( પ્રતિનિધિ ) કાલોલ,તા.21
ગેરકાયદેસર ખનિજ વહન કરતા તત્વો સામે મામલતદાર ટીમે લાલ આંખ કરી છે. મધવાસ પાસેથી વગર પાસ-પરમિટે ખનિજ કપચીનું વહન કરી રહેલા ૨ હાઈવા ડમ્પરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મામલતદાર ટીમ દ્વારા મધવાસ વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન



ઉદલપુર તરફથી કપચી ભરીને આવી રહેલા બે હાઈવા ટ્રકને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહન ચાલકો રાઠોડ પ્રવીણભાઈ ગીરવતભાઈ (ઉ.વ. ૨૫) અને રાઠોડ મુકેશભાઈ ગીરવતભાઈ (ઉ.વ. ૩૦) પાસે જરૂરી રોયલ્ટી પાસ કે પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું. પાસ-પરમિટ વગર બિન અધિકૃત રીતે ખનિજ હેરફેર કરવા બદલ બંને હાઈવા ડમ્પર સામે કાયદેસરનો કેસ નોંધી આગળની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પાવાગઢમાં બે માસ સુધી રવિવારે ખાનગી વાહનો માટે પ્રવેશ બંધી

(પ્રતિનિધિ) પાવાગઢ તા.21
પાવાગઢમાં રવિવારની રજાઓના દિવસોમાં ઉમટતી શ્રદ્ધાળુઓની ભારે ભીડને ધ્યાને રાખીને અધિક મેજિસ્ટ્રેટ જે. જે. પટેલ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, આગામી બે માસ સુધી 19 ઓક્ટોબર સુધી તમામ રવિવારે ટ્રાફિક નિયમન માટે ખાસ પ્રતિબંધો છે. જે અંતર્ગત, તળેટીથી માચી સુધી જવાના રસ્તા પર માત્ર સરકારી એસ.ટી. બસો, સરકારી વાહનો અને પાવાગઢ ગામની કાયમી ટેક્સી પાસિંગ ગાડીઓ જ અવર-જવર કરી શકશે. માચી ખાતેના પાર્કિંગની ઉપલબ્ધતાને ધ્યાને રાખીને એકસાથે કુલ ૪૫ જેટલા ટોકન વહેલાં તે પહેલાંના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે. જો પાર્કિંગ ફૂલ હશે, તો કોઈપણ ખાનગી વાહનને તળેટીથી ઉપર જવા દેવાશે નહીં. પ્રવેશબંધીના પોઈન્ટ્સની વાત કરીએ તો, હાલોલ ટીમ્બી ત્રણ રસ્તા, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી અને ધનકુવા ચોકડીથી પાવાગઢ તરફ પ્રવેશતા ખાનગી ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે.

## શહેરામાં સાયબર ફ્રોડ આચરનાર અમદાવાદથી ઝડપાયો

ગોધરાઃ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગુણેલી ગામના નિવૃત્ત શિક્ષક ચંદ્રસિંહ જાદવને રૂ. ૧૦ લાખની લોન અપાવવાની લાલચ આપી પ્રોસેસિંગ ચાર્જના નામે રૂ. ૧૭,૦૦૦/- પડાવી લેવાના સાયબર ફ્રોડ કેસમાં શહેરા પોલીસે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાંથી મુખ્ય કોલર વિપુલ ઘનશ્યામભાઈ પટેલ (સોરઠીયા)ની ધરપકડ કરી છે. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે ઝડપાયેલા આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોન તથા સિમકાર્ડ કબજે કરવામાં આવ્યા છે.

### સંગ્રહખોરીના કારણે ખાંડના ભાવ આસમાને

## કાલોલના બજારમાં ખાંડ ૭૦ અને ગોળના ભાવમાં પણ ભડકો

(પ્રતિનિધિ) પાવાગઢ તા.21
રક્ષાબંધન, જન્માષ્ટમી અને ઈદે-મિલાદ જેવા તહેવારો ટાણે જ ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. કાલોલના સ્થાનિક બજારોમાં ખાંડનો ભાવ કિલોએ ૬૫ થી ૭૦ સુધી પહોંચી જતાં તહેવારોની મોળાશ અનુભવાઈ રહી છે. પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની નીતિ અને ખાંડના જથ્થાનો ઈથેનોલ બનાવવામાં મોટા પાયે ઉપયોગ થવાને કારણે બજારમાં ખાંડની અછત ઊભી થઈ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. બીજી તરફ, ભાવનગર લઠ્ઠાકાંડમાં પણ કેમિકલ મિશ્રણ સામે આવ્યા બાદ ઈથેનોલના વપરાશને લઈને ચર્ચાઓ જાગી છે. રૂપિયા ૪૫ થી ૫૦ ના ભાવે મળતી ખાંડ સીધી ૭૦ એ પહોંચતા સામાન્ય પરિવાર માટે તહેવારોમાં મીઠાઈ બનાવવી કડવી સાબિત થઈ રહી છે. ખાંડની સાથોસાથ ગોળના ભાવ પણ ઉંચકાયા છે. તહેવારોમાં ખાંડ કડવી લાગે તેવો ભાવ વધારો થયો હોવાનું જાણવા મળે છે.


સરકારે ખાંડની નિકાસ પર રોક લગાવી હોવા છતાં, બજારમાં કૃત્રિમ અછત ઊભી કરીને મોટા નફા માટે સંગ્રહખોરી થઈ રહી હોવાના આક્ષેપ ઉઠ્યા છે. તહેવારોના દિવસોમાં મોંઘવારીનો મારો ન પડે તે માટે સરકાર વહેલી તકે ભાવ પર અંકુશ મેળવે અને કાળાબજારી કરનારાઓ સામે પગલાં ભરે તેવી અપીલ પ્રજાજનો કરી રહ્યા છે.

## પંચમહાલમાં ૧૨૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરનો જથ્થો ફાળવાયો

(પ્રતિનિધિ) પાવાગઢ તા.21
ખાતરનો વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ ઉપયોગ કરવા અને બિનઅધિકૃત વેચાણ અંગે જાણ કરવા જિલ્લા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની અપીલ પંચમહાલ જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કચેરીની અખબારી યાદી જણાવે છે કે, હાલની ખરીફ ચોમાસુ સીઝનમાં વિવિધ પાકોના વાવેતર માટે ખેડૂતોને મુખ્યત્વે રાસાયણિક ખાતર યુરિયા તથા અન્ય ખાતરોની જરૂરિયાત રહેતી હોય છે. આ જરૂરિયાતને ધ્યાને લઈ રજૂ કરવામાં આવેલ સપ્લાય પ્લાન અને માગણી મુજબ કૃભકો (KRIBHCO) કંપની દ્વારા જિલ્લા માટે આશરે ૧૨૦૦ મેટ્રિક ટન (આશરે ૨૬,૦૦૦ થેલી) જેટલો યુરિયા ખાતરનો જથ્થો ફાળવવામાં આવ્યો છે. હાલના તબક્કે પંચમહાલ જિલ્લામાં કુલ ૩૨,૦૦૦ થેલી જેટલો યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે.ખેતીવાડી વિભાગ દ્વારા જિલ્લાના તમામ ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, પાકની વાસ્તવિક જરૂરિયાત અને વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ રાસાયણિક ખાતરનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો.

### વિદ્યાર્થીઓને ટીબી મુક્ત ભારત અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી

## મુવાલીયા ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ) પાવાગઢ તા.21
દાહોદના મુવાલીયા ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત પોલીટેકનિક અને એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ કોલેજ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. અલ્પના જૈનના અધ્યક્ષસ્થાને NSSના વિદ્યાર્થીઓને ટીબી અંગે વિસ્તૃત અને માહિતીસભર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ટીબીની વાસ્તવિક પરિસ્થિતિ, ટીબીનો ફેલાવો કેવી રીતે થાય છે, ટીબીના મુખ્ય લક્ષણો, સમયસર નિદાનનું મહત્વ, નિદાનની પ્રક્રિયા તથા ટીબીની સારવાર ક્યાંથી અને કેવી રીતે મેળવી શકાય તે અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ ટીબી મુક્ત ભારત અભિયાનને વધુ જનભાગીદારીપૂર્ણ બનાવવા માટે વિદ્યાર્થીઓને 'ટીબી મુક્ત ભારત' એપ ડાઉનલોડ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને ટીબી મુક્ત ભારત અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## દાહોદના ઊંડાર ગામે મગર દેખાતાં ગ્રામજનોમાં ફફડાટ

દાહોદ: દાહોદ જિલ્લાના ઊંડાર ગામે કોતરમાં મગર દેખાતાં જ ગ્રામજનોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ગામ નજીકના કોતર વિસ્તારમાં મગરની હાજરી અંગે જાણ થતાં જ લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. સ્થાનિકોની સૂચના મળતાં જ વન વિભાગના કર્મચારીઓ તેમજ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. મગરને ઝડપી પાડવા માટે ગામ નજીકના નજીકના કોતર તેમજ તળાવ વિસ્તારમાં વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી છે તપાસ દરમિયાન મગર ચેકડેમની પાળ પરથી પાણીમાં કૂદ્યો હોવાની વિગતો આવતાં રેસ્ક્યુ કામગીરી સરળ બનાવવા માટે કોતરનું પાણી ખાલી કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. આ રેસ્ક્યુ ઓપરેશનમાં વન વિભાગના અધિકારીઓ સ્થાનિક રેસ્ક્યુ ટીમના ઝુઝર ભાઈ તેમજ પ્રતીક ભાઈની ટીમે પણ જોડાઈને તપાસ હાથ ધરી પરંતુ હજુ મગરના કોઈ સગડ મળ્યા નથી.

### રૂપિયા 30,000/- ઉપરાંતના મુદ્દા માલ સાથે પાંચ ખેલીયો પકડાયા

## વેલપુરા ગામે મંદિર ફળિયામાં રમાતા શ્રાવણીયા જુગાર પર પોલીસનો છાપો

(પ્રતિનિધિ) પાવાગઢ તા.21
ઝાલોદ તાલુકાના વિલપુરા ગામે મંદિર ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો સ્ટ્રીટ લાઈટના અજવાળે શ્રાવણીયો જુગાર રમતા હોવાની ગુપ્ત બાતમી ઝાલોદ પોલીસને મળી હતી જે બાતમીને આધારે ઝાલોદ પોલીસની ટીમે ગત રાત્રિના સાડા બાર વાગ્યાથી મોટી રાતના સવા વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન વેલપુરા ગામે મંદિર ફળિયામાં પહોંચી ગઈ હતી અને મંદિર ફળિયામાં ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટ ત્યાં અજવાળે રમાતા શ્રાવણીયા જુગાર પર ઓચિંતો છાપો મારી પત્તા પાના વડે પૈસાનો હાર જીતનો જુગાર રમી રહેલા વેલપુરા ગામના મંદિર ફળિયામાં રહેતા ગોવિંદભાઈ કડકિયાભાઈ ડામોર, ઝાલોદ તાલુકાના ભાણપુરા ગામના ઝલાઈ માતા ફળિયામાં રહેતા પીન્ટુભાઈ ખુમસિંગભાઈ નીનામા, ઝાલોદ ડુંગળી ફળિયામાં રહેતા વિશાલભાઈ રમણભાઈ અડ, અજયભાઈ સોમસિંગભાઈ અડ, તથા વિશાલભાઈ દેવાભાઈ ભુનાતરને પકડી પાડી તેઓની અંગ ઝડતી લઈ અંગ ઝડતી માંથી રૂપિયા ૧૦,૭૨૦/-ની રોકડ, દાવ પરથી રૂપિયા ૪૫૦૦/-ની રોકડ તેમજ રૂપિયા ૧૫૦૦૦/-ની કુલ કિંમતના મોબાઈલ ફોન નંગ-૩ તથા પત્તાની કેટ નંગ-૧ મળી કુલ રૂપિયા ૩૦, ૨ ૨૦/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ પકડાયેલા ઉપરોક્ત પાંચ ખૈલીયો વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨અ મુજબ ગુનો નોંધી પકડાયેલા પાંચે ખેલીઓને જેલના સળિયા પાછળ મોકલી આપ્યા છે.